સરસ્વતી.

[illegible]

[illegible]

—પ્રકાશક—

[illegible]

[illegible]

સમર્પણ.

જેઓ સંયુક્ત કુટુંબના પક્ષપાતી છે, તેમજ જેઓ વિભક્ત કુટુંબને ચાહનારા છે, તે ઉભયને આ સંયુક્ત કુટુંબની સુખી દશાની નાનકડી કથા સપ્રેમ સમર્પણ.

"શારદા-વિહાર" } પ્રકાશક.
અંબાજી રોડ, સુરત.

सरस्वती.

વસંતરાય પોતાની પત્ની સાથે હમણાં દીવાળીની રજામાં પોતાને ઘેર આવ્યો છે. એ તેના ભાઈઓમાં નાનો. એટલે એના આ-ગમનથી માતા તથા ભાઈ ભોજાઈ વગેરેને આ-નંદ થાય તેમાં શી નવાઈ ! વસંતરાયની ઉમર અત્યારે ૨૪–૨૫ વર્ષની હોઈ તેણે પોતાનું લગ્ન જેટલું બની શકે તેટલું લંબાવ્યું હતું. પણ બી. એ. થયો, અને જ્યારે ઉદરનિર્વાહ માટે કશી હરકત નડે એમ નથી, ત્યારે માતુશ્રીની ઇચ્છા-ને માન આપવું તેને વાજબી લાગ્યું. તદુપરાંત આ ઉમરમાં સાધારણ મોટી, થોડી સુશિક્ષિત એવી છોકરી જોઈ પરણતાં તે સાસુ, સસરા, દીયર, નણંદ

નોકરાણી વગેરે સાથે રહી સંસારને યોગ્ય તૈયાર થશે, ત્યાં સુધીમાં હું એલ. એલ બીની પરીક્ષા પસાર કરીશ. એમ બેવડા ફાયદાને ધોરણે વસંતરાયે નવા જુનાનો બેમાલુમ સાંધો સાંધ્યો.

વાત પણ તેના મનોવિચાર પ્રમાણે બની. તે મુંબઈમાં વકીલાત કરવા લાગ્યો. સુમારે ૭ સાત મહીના થયાં છતાં પણ તમારું "આય કે થાય છે" હજી પુરૂં થતું નથી, એવા આશયનો તેનો પત્ર આવતાં તેના વડીલોએ તેની સ્ત્રીને મુંબાઈ રવાના કરી. પહેલાં એક બે મહીના તો વસંતરાયની માતા આ નૂતન દંપતીનો સંસાર માંડી આપવાને માટે સાથે ગઈ હતી, પરંતુ ઘરમાં મોટી વહુની સુવાવડ આવ્યા પહેલાં તે પરત આવી હતી.

આજે વસંતરાય તથા સરસ્વતી ગાડી-માંથી ઉતરી દ્વારમાં પગ મૂકતાં ડોસી ઓવા-ળણાં લેવા બહાર આવી. તે વિધિ પૂર્ણ થ

સરસ્વતી ઘરમાં આવતાંજ સાસુજીએ " વહુ ત્યારે આગળ ક્યાં જાય છે ! તું તો ગાડીએ અડકાયલી છે ને ! સરલા તો તને ભેટવા દોડી. " આવો કરડો ઇસારો કરતાં બંને દેરાણી જેઠાણી એકમેકની સામે જોઇ હસવા લાગી. તથા નાની વહુ તો " થઇ બોલવાની શરૂઆત " એમ જેઠાણી સાથે બબડવા લાગી. એટલામાં વસંતરાયની સ્વારી ગાડીમાંની ઉંઠ ગામપર લઇ જવા માટે દાદર નીચે આવી. તેના કાન પર પણ આ શબ્દો પડ્યા હશે કે કેમ ! તેની બીક લાગતાં સરસ્વતી ગભરાઇ " મને બદલવાનું લુગડું આપોને" એમ કહી તેણે જેઠાણી સાથેનો વાતનો વિષય બદલી નાંખ્યો.

વસંતરાય અંદર આવતાં સરલાએ તો હસતાં હસતાં પૂછ્યું " ચાહ આવું કે "

ભાભી હું મુંબાઇ ગયો એટલે પહેલાંનું બધું ભાડી લીધું નથી ! ચાય જો. સાર

શેર–અચ્છેર દૂધ ગરમ કરી લાવ. ખાલી મજાક કરતી અહીં ઉભી ન રહે।"

"શેર-અચ્છેર! હું! હું! બંનેની સવડ કરી લેતા હશો?" એમ હસતી ડોળા મિચ મિચાવતી સરલા કહેલા કામે ગઇ.

સરલા કહેવા પ્રમાણે તાણડતોડ દૂધ ઉનું કરી વસંતરાયને માટે માળપર લઇ આવી. વસંતરાય આ વખતે પોતાના બાઇઓના નાનાં નાનાં છોકરાંઓને પોતાની ટુંક પાસે ભેગાં કરી મુંબઇની રમતગમતની તરેહવાર ચીજો આપતો હતો. દૂધ આવતાં તેણે પોતાની ટુંક ગારૂડી પ્રમાણે "ચાલ, ચલ જાન અબી" એમ કહી બંધ કીધી, તથા દૂધ આગળ મુકી "બાબી બે ચાર પવાલાં આણ્યાં હતાં ને" એવો ઇસારો કર્યો. પવાલાં આવતાં છો-કરાં સહિત દૂધ પીઇ સ્વારી વડિલ દર્શનાર્થે દિવાનખાનામાં ગઇ.

ઘરમાં અતિશય ગિર્દી, તેમાં મોટી વહુની સુવાવડ, વચલી વહુને માથે સ્વયંપાક. તેવે વસંતરાયની સાસુ અને સાળો તે બંનેને આવેલાં સાંભળી દિવાળી નિમિત્તે સરસ્વતીને પીયર લઇ જવા તથા વસંતરાયને જમવાનું નિમંત્રણ કરવા આવ્યાં. આવી અતિશય ગિર્દીમાં ચોટલો પાડવાનો તથા ગુંચળાં પાડવાનો વખતજ ન હતો. છતાં સરસ્વતી વખતમાંથી વખત કાઢીને પણ માથા-પરથી કેશ કોળ સાફ કરી ગુંચળાં પાડીને નીચે ઉતરી. ત્યાં તે પોતાની મા સાથે વાત કરતી હતી, તેવે બાહાર સસરાજીના પગલાં વાગતાંજ ગભરાયલી ગભરાયલી એકદમ ઘરમાં ગઇ. ડોસી સુવાવડીની ઓરડીમાંથી સરસ્વતીની પાછળ પાછળ આવી. સરસ્વતીને જોઇ તે બોલી, "વહુ આ મુંબાઇના નખરાં અહીં ન ચાલે હોં ! ગુંચળાં પાડવા જવા દે અને રીતસર વાળ હોળી વેણી ગૂંથ, જા."

સરસ્વતી ચમકી અંબોડાને હાથમાં લઇ છોડતી છોડતી પુનઃ માળપર ગઇ. ત્યાં જઇ જોતાં તેની મા ઉભી હતી. માને જોતાંજ "મા મારા વાળ હોરને! જોની મારા વાળ તેમને ગમતાં નથી" એમ બ્હીકની મારી કહેતી હતી, એટલે તેની માએ તેના મોઢાંપર હાથ મુકી કહ્યું "અરે ચુપ, જો તો ખરી! પેલી તરફ તારા મોટાભાઇ બેઠા છે તે?" એમ કહેતાંજ સરસ્વતી શરમાઇ પાછલે પગે વાળ સરખા કરતી પુનઃ નીચે ગઇ.

ભૂખ થવા લાગી એટલે એકની પાછળ એક થયાજ કરે છે. સરસ્વતીનું નીચે આવવું, અને ઉજમબાઇનું બજારમાંથી શાકભાજી લઇ આવવું થતાં બંને અથડાતાં વિનાયકરાવે પૂછ્યું, "કોણ સરસ્વતી, કેમ ક્યારે આવ્યાં?" ગાભરી બનેલી સરસ્વતી કાંઇપણ ઉત્તર ન આપતાં તેના હાથમાંથી શાકની પોટલી લઇ

નળ નીચે સાફ કરવા આવી ગઇ. વિનાયકરાવ "હં, મુંબાઇવાસી એટલે અડકાબોળાનો શો દોષ?" આ શબ્દ ડોસીને કાને પડતાં તે બોલી "શું એટલામાં અડકાયલું લુગડું બદલી નાંખ્યું? કે વસવાયાંની અડકેલી શાકભાજી સમારવા બેઠી! શું કહું માણસને મારૂં કપાળ?"

આ શબ્દ સાંભળતાંજ સરસ્વતી-હંમેશની આનંદી સરસ્વતી—એટલી બ્હીધી, કે તેના કપાળમાં શેળ પડ્યા. તેણે તે ભાજી ઉંચકી નળ નીચે મૂકી ધુનમાંને ધુનમાં ઠંડા પાણીથી પોતેજ સ્નાન કર્યું.

વિનાયક આ સઘળું જોતો હતો. સરસ્વતી શરીર લ્હોતી હતી, ત્યાં સુધી તે એક શબ્દ પણ બોલ્યો નહિ. તે લુગડું બદલવાને જેવી અંદર આવી, એટલે વિનાયકે તેને એટલુંજ કહ્યું કે "સરસ્વતી, તું ડાહી

ભણેલી ગણેલી અને તને ખડીમર માણુસ પ્રમાણે રહેતાં સુદ્ધાં આવડતું નથી. ઠંડે પાણીએ ન્હાઇ શરીર શા સારૂ બગાડે છે ?"

કર્મધર્મ સંયોગે એજ વખતે વસંતરાય દૂધનું વાસણ લઇ પોતાના સાળાને મૂકવા નીચે આવ્યો. તેણે આ સર્વ જોયું ખરૂં. પરંતુ પરોણાને વિદાય કરવાની ગરબડમાં તેણે એ તરફ લક્ષ આપ્યું નહિ.

એક દિવસ એવો પણ હોય છે, કે તે કોઇને વાતવારેજ નીવડે છે. ડોસી પોતાની વહુવારુને વગાવી ઘરના મધ્ય ભાગ તરફ વળી, એટલે રસોડામાંથી આવતી વચલી વહુ કંઇ કામ સારૂ બહાર આવતાં તેનો ભેટો થયો. સરસ્વતી વચલા ભાગમાંજ હતી. તેણે તેને લૂગડું બદલતી જોઇ સહજમાં કહ્યું કે, "કેમ ચૂલે પાણી ગરમ થવા મૂક્યું બેને !" આ સાંભળતાં ડોસી બોલી "નથવા દે, ઠંડા

પાણીએ એને નહાવાદે. એને ફાવે તેમ કરે, તેની માએ આવા ઢોંગ કરતા શીખવ્યું હશે તે તેમ કરશેજ તો !"

માનું નામ સાંભળતાંજ સરસ્વતી પોતાનું ભાન વીસરી "મારી માનું નામ શા સારૂ" એટલા શબ્દ બોલી; કંઇ યાદ આવતાં હોઠ બંધ કર્યા. એ શબ્દ નીકળતાં તેણે જીભ બંધ કરી, પરંતુ તે શબ્દો ડોસીના કાનપર અથડાયા તે અથડાયાજ. તે બોલી "જોઇ આ વસંતની વહુ! જવાબ કેવા આપે છે! કેવી શાણી થઇ છે ને શીંગડા ફૂટવાજ બાકી છે. હવે તો !" એવા વચનોથી તેને વિભૂષિત કીધી, માળ પર જતાં જતાં વસંતે પણ એમાંનો થોડો ભાગ સાંભળ્યો ખરો.

થોડી વારમાં બધાએ સ્નાન કર્યું. મોટાભાઇ દેવપૂજા કરવામાં રોકાયા. એ જોઇ વસંતરાય સ્નાન કરવા નીચે આવ્યો. સરસ્વતીને

પાણી ખેંચતી જોઇ તે પાણી ઉનું કરવાના બંબા પાસે જઇ ઉભો, તથા સરસ્વતીને હાથમાં તપેલી લઇ તુળસીને પાણી પાતી જોઇ વસંતરાયે પોતાની મેળે કુવામાંથી પાણી કાઢી લીધું. સરસ્વતી તેને પાણી કાઢતાં જોઇ મદદ કરવા આવી. પણ વસંતરાયે "કંઇ નહિ, એ તો હું કાઢી લઇશ, મને હાથ છે" એમ કહી પાણી કાઢી સ્નાન કરી લીધું.

સરસ્વતી ખસિયાણી પડી ગઇ. ઘરમાં પગ અફાળતી ગઇ એવું વસંતરાયને જણાયું કે શું? કારણ તે પાછું ફરી જરા હસતે ચહેરે તેના તરફ જોતો હતો. સરસ્વતીએ ઘરમાં જઇ ધોવાના લુગડાં એકઠાં કર્યાં, તથા પોતાના પતિનું ધોતીયું લેવાની વાટ જોતી ઉભી રહી.

અહીં વસંતરાયે સ્નાન કરી પોતાનું ધોતીયું પોતાની જાતેજ ધોવું શરૂ કર્યું. એટલે સરસ્વતી ધોવાના કપડાં કાખમાં મારી પાછલે

6380

આરણેથી નદીપર ધારેધારે પગ ઠોકતી અધીરાગની ચાલતી થઇ. તેની જેઠાણીએ " બ્હેન, જલદી આવજે હં " એમ ખાસ નોંધી કહ્યું. પણ તે તરફ ધ્યાન આપે કોણ ?

ડોસી દેવઘરમાંનું કામ આટોપી રસોડામાં જઇ " સરસ્વતી ક્યાં ગઇ ! " એવી ચોકશી કરવા લાગી. " તે તો લુગડાં ધોવાં નદી પર ગઇ છે " એમ વચલી વહુએ જવાબ આપ્યો. તે સાંભળી " તે શાસારૂ ગઇ ? આજે તો હું જવાની હતી !" એમ બબડતી તે સરસ્વતીને મદદ કરવાને માટે નદીપર ગઇ. સાસુવહુ બંનેએ મળી જલદીથી કામ આટોપી જમતાં પહેલાં ઘેર પાછાં આવ્યાં.

નિત્ય ક્રમની ગાજવીજમાં દિવસ વીત્યો. ચરાચર સર્વને શાંતિસુખ આપનારી, સુખી દુઃખી ઉભયને મોહવશ કરનારી રાત્રિ પડી. સાંજનું વાળું પૂરૂં થઇ સર્વ કામ આટોપતાં અગીઆરના ટકોરા થયા.

થોડી વારે સરસ્વતી ઉપર આવી. આ વખતે વસંતરાય પોતાના બંધુઓ માટે મુંબાઇથી આણેલાં કપડાં ટ્રંકમાંથી કાઢવામાટે પોતાની રૂમમાં આવ્યોહતો સરસ્વતી મુંગે મ્હોંએ પથારી કરવા લાગી. તે જોઇ વસંતરાય બોલ્યો "કેમ આજે ઉપર શા સારૂ ઉપર આવી ! ના કહી હતી તે સાંભળી ન્હોતી "

" પણ પથારી તો કરૂં ને ? "

"હું" વસંતરાય કપડાં ટ્રંકમાંથી કાઢતાં બોલ્યો.

"સાસુજીએ તો મારાપર આવવા સાથેજ ઘોડા દોડાવવા માંડયા છે. "

"હું"

" સમજાનું જ મુંઉ "હું", જાણું છું ભીંતસાથે જ બોલું છું. "

" બસ પૂરૂં કર હવે ? " વસંતરાય એટલું બોલે છે, એટલે દાદરપરથી કોઇના આવવાના પગલાં સંભળાયાં. વસંતરાય ખુબ

પાડી ઉઠયો, "કોણ છે ? ભાભી ! ઉપર આવ, જોઉં" સરલા ઉપર આવી. તેને જોઇ વસંતરાય ખીજવાઇ બોલ્યો. "કેમ ભાભી, બોલ તું બારે-દહાડા અહીં રહે છે તે સાસુજી તને કરડે છે ખરી કે ?

"પણ તમને મારા સમ ?" સરસ્વતી ગુસ્સેજ બોલી.

"પણ હમણાં હમણા સાસુજી બહુજ બોલે છે." સરલા હસતી હસતી બોલી.

"હા, પણ પતિ પાસે દાદ લેવાનું એ કહે છે કે નહિ ?" વસંતરાય બોલ્યો.

"મારા ગળાના સમ છે જો બોલો તો !"

"ભાભી, આમ જો, આ મારા હાથમાં ગુલાબનું ફૂલ છે. જોયું ? એની પાંખડીઓ જ્યાં સુધી જોડાએલી છે, ત્યાં સુધી આપણે એને માથે ઘાલીશું કે દેવને ચઢાવીશું, પરંતુ જ્યારે તે બધી છૂટી પડશે, ત્યારે ભંગી

સુદ્ધાં તેને લાત મારશે. તેમ જો આપણે બધા એક હોઇશું, ત્યાં સુધીજ આપણા ઘરનો મોભો જળવાશે. પરંતુ જ્યારે તમારી આવી ચાડી ચુગલીથી તે પાંખડીઓ છૂટી પડશે, ત્યારે ભંગી સુદ્ધાં તમારા પર સત્તા ભોગવશે. માટે આવી ઘરની ખણખોડ પુરૂષો આગળ ન કરો તો સારૂં !" એમ કહેતો વસંતરાય બહાર આવ્યો. અને સરસ્વતી આંખ લુછતી થએલા બનાવ જેઠાણીને કહેવા નીચે ગઇ.

× × ×

બીજે દિવસે સરસ્વતી પીયર ગઇ તથા દીવાળી સાંગોપાંગ ઘણા આનંદ સાથે વીતી. રજા પૂરી થતાં વસંતરાય મુંબાઇ જઇ પોતાને ધંધે ગયો. પત્નીને લઇ જવાની વાત નીકળતાં માતુશ્રીએ " આ તારી ભાભીની સુવાવડ પૂરી થાય, ત્યાં સુધી મહીનો બે મહીના

અહીં રહેવા દે તો સારૂ. પછી કઇ જજે." એમ કહ્યું. એટલે વસંતરાય એકલોજ મુંબાઇ ગયો. બિચારી સરસ્વતી થોડા દિવસમાં મુંબાઇના પોતાના સ્વતંત્ર સંસારમાં જઇશ, એવા વિચારે મનનું સમાધાન કરતી હતી. જેમ જેમ દિવસ જતાં તેમ તેમ તેની પ્રફુલ્લતા વધતી જતી દિવાળી પૂરી થતાં એક દિવસ તે સાસરે આવી. તેને ઘરમાં કશી ગમ પડે નહી. જેઠાણી પણ ઘરમાં ન હતી. તેમાં વળી બહાનું કાઢી તે માળ પર ગઇ. પણ માળપર શું હોય ? પતિની ફંક ન મળે, સામાન પણ ન મળે, ઘરમાં કોઇને પૂછવાની જગાએ નહી. દીવા થતાં સાસુજીએ, કહ્યું ભા, પછી અંધારામાં શી રીતે જશે" અત્યાર સુધી નિમિત્તાનિમિત્ત રહી. પણ હવે દેને ત્યા રહેવું પણ ન પાલવે, અને જવાને પણ પગલું ન ઉપડે. આવી સ્થિતિમાં આખરે કઠણ અંતઃકરણ કરી પાછળ ઘર તરફ જોતી

પીયર જવા નીકળી. જતાં વચ્ચે જેઠાણી સામે મળતાં તે બોલી. "કેમ સ્વારી જદી કે ?"

સરસ્વતીનો ચ્હેરો અત્યારે જોવા જેવો હતો. તેનાથી કશો ઉત્તર આપી શકાયો નહિ.

"પણ ભાઇની સ્વારી તો ગઇ છે હું, એક માણસને લીધા વિના—" સરલા હસતી હસતી બોલી.

સરસ્વતીની આંખોમાંથી અશ્રુબિન્દુ ટપકવા લાગ્યાં, તેના મુખપર સંધ્યાસમયની છટા સંપૂર્ણ પ્રતિબિંબિત થઇ. તેની આ સ્થિતિ જોઇ સરલા શરમાઇ કહેવા લાગી, "નહિ બ્હેન તને મૂકીને ગયા નથી હું, જેઠાણીજીની સ્વાવડ છે એટલે મહીના પંદર દહાડા તારે અહીં રહેવું પડશે." એમ કહી તેણે તેના આંસુ લુછ્યાં તથા બેઉ એકબીજાના સંદેશા કહી પોતપોતાને રસ્તે વળી.

તે રાત સરસ્વતીએ એક લાંબોલચક

પત્ર લખવામાં ગાળી. કારણ સવારે સાત વાગે 'હજી ન્હાની બેન ઉઠયાં નથી,' એમ જાણી તેની ભાભી તેને જોવા ઉપર આવી, ત્યારે એ ત્રણ કાગળ અસ્તાવ્યસ્ત પડેલા જોઇ સ્વાભાવિક રીતે તેણે તે વાંચ્યા. છેવટનો કાગળ તો બરાબર પૂરો પણ કર્યો ન હતો. કારણ ખડીઆમાં શાહી પૂરી થઇ હતી, તથા કલમ પણ જાણે થાકી હોય તેમ ઠકતી હતી. આવી સ્થિતિમાં તેના પ્રેમાળ અંતઃકરણનું સર્વ પ્રેમજળ આંખ વાટે બહાર પડી તેણે કાગળ પણ ગિર્દી મચાવી હતી.

પત્ર પૂર્ણ થતાં ભાભી હસતી હસતી ત્યાંથી ચાલી ગઇ, તથા થોડી વારે નણંદ પણ જાગી પોતાને નિત્ય ક્રમે લાગી.

સરસ્વતીને હવે પીયર રહેવું સારૂં લાગ્યું નહિ, જે કામને માટે મને અહીં રાખી, તે મારે સારી રીતે કરવુંજ જોઇએ. એ વિચારે

દરરોજ બપોર પછી સાસરે જવાનો તેણે નિશ્ચય કર્યો. બપોરે જમવું ખાવું આટોપતાં રાત્રે તેને ઉંઘ ન આવેલી હોઇ ઝોકા આવવા લાગ્યાં, એટલે તે પોતાની ઓરડીમાં જઇ તરત સુઇ ગઇ. તેને સુતેલી અને બેદરકાર જોઇ તેની ભાભીએ હવે તેને સુધારવાના ઉપાયો યોજવા માંડયા.

ગ્યાસતેલનો ડબ્બો સળગી ઉઠતાં, તેના પર પાણી છાંટીએ તો તે વધારે ભભકી ઉઠે છે. તેમ સરસ્વતીનો આ બીજો દિવસ પણ ભાભીના તથા માના કટાક્ષોમાંજ વીત્યો.

તે રાત્રે પણ સરસ્વતીને ઉંઘ આવી નહી તેની આંખ આગળ એ વાતો રમતી હતી. ચાડી કરતાં પતિએ કરેલી સંભાવના, તથા ભાભીનું વર્તન. વસંતરાયના તે રાતનાં વર્તનનો તેને અત્યારે ખરો ખુલાસો જણાયો. તેણે એકદમ રડવું છોડી દીધું, સવાર થતાં ન થતાં તે ઉઠી

નીચે આવી. પાણી ભરી ચૂલો સળગાવી પોતાની વેણી ગૂંથવા તે બેઠી.

એટલામાં તેની મા ઉઠી. સરસ્વતી આ વખતે તેને સાસરે જવાના ઉદ્દેશથી નીકળી. તે જોઇ તેની મા બોલી, " અરે ! અત્યારમાં ક્યાં જાય છે તું ? જવાશે એક બે દિવસે ! જઇને પણ શું ! વડીલોની બોલીજ સાંભળવાની છે ને ! તે દિવસે હું આવી હતી ત્યારે કેવું મોઢું ફુલાવીને તે બોલતાં હતાં જો ! "

" બા તું પણ શું એમ બોલે છે. " એટલુંજ બોલી તે ત્યાંથી ચાલતી થઇ. આખે રસ્તે સરસ્વતીના મનમાં શું હશે વારૂ ? આમ બભિષ્ટ જેવી તે કેમ ચાલતી હશે ? એમ આપણને સહજ પ્રશ્ન થશે. તે વખતે તે પેલાં બે ચિત્રો પોતાના મનમાં ચીતરતી હતી. કારણ સાસરે પગ મૂકતાંજ તેની આંખમાંથી આંસુ ટપક્યાં. તેને પોતાના લુગડાંના છેડાથી જેમતેમ લૂછી અંદર ગઇ.

સરસ્વતી અત્યારે ઘરમાં એક દેવ માણુસ જેવી ઠરી હતી. ડોસી દરરોજ કહેતી કે આવી ભણેલી ગણેલી છોકરી છતાં પણ બોલચાલમાં કેવી સીધી સાદી છે? સરસ્વતીએ પણ ડોસીના મુખથી એ શબ્દ સાંભળ્યા હતા. સરલાનો સ્વભાવ પણ મન મેળાઉ હોવાથી બંને દેરાણી જેઠાણી મળી ડોસીને જરા પણ કામ કરવા દેતી નહિ. સરસ્વતી બંને જેઠાણીના છોકરાંના ઝાડોજંગલ ડોસીના ના કહેવા છતાં પણ કરતી. ડોસી જરા આડી પડે, અથવા સાંજે કથા સાંભળી આવે ત્યારે તેના હાથપગ ચાંપી સારી રીતે સુશ્રુષા કરવા લાગી.

સરસ્વતી આ સર્વ અંતરની ઉલટથી કરતી હતી, પરંતુ તેનું લક્ષ્ય બીજી જગાએ હતું. સાંજસવાર તે પોષ્ટમેનની સમડી પેઠે લાંબી નજરે રાહ જોતી હતી. પોતાના લાંબા-

અથવા પત્રનો કંઇપણ ઉત્તર આવે, પણ તેમાં તે દરરોજ નિરાશ થતી.

કદાચ પિયરથી તેના ભાઇએ લખેલા પત્રનો ઉત્તર આવે, એમ ધારી એકવાર તેણે પિયર જવાનો વિચાર કર્યો: અને નિમિત્ત શોધવા લાગી. એટલામાં પોતાની મા માંદી પડી છે, તથા પોતાને તેડું પણ આવ્યું છે એ કારણ પણ મળ્યું. વળી ડોસીએ પણ તેને પિયર જવાનો આગ્રહ કર્યો, એટલે તે વ્યગ્રચિત્તે પિયર તરફ વળી.

બા કેમ માંદા પડી હશે વારૂ ! બે દિવસ પહેલાં તો તે મને મળી ગઇ હતી ! આ વિચારે આખે રસ્તે તેને બ્હાવરી બનાવી દીધી.

ઘેર આવી જુએ છે તો બા તો ક્યાંએ મળે ના, પણ ભાભી નીચે પથારી કરી પડેલી તેની નજરે પડી.

તે બાની શોધ કરવા લાગી. તેનો તેને

ક્યાંએ પત્તો લાગ્યો નહિ, ત્યારે તે બાબાની પથારી પાસે જઇ "બા ક્યાં છે ?" એમ પૂછવા લાગી. 'હશે ક્યાંએ મસાણમાં ? મને શું માલુમ !' આવો રોકડો જવાબ મળતાં તે બાળા પર ગઇ. ત્યાં બા પથારી નાંખી ઉંધી ગએલી જણાઇ. સરસ્વતીએ ઘણીવાર સુધી માતુશ્રીને પ્રેમાળપણે બોલી હકીકત સમજાવવાનો પ્રયત્ન કર્યો. ઘણીવાર સુધી મા બોલી નહિ. ઘણીવારે તે એકાએક ઉભળકા આવતાં બોલી, "બ્હેન મને તારી સાથે મુંબાઇ લઇ જાય તો હું આ પાપમાંથી છૂટું, મારાથી આ હવે નથી સહાતું. હું તારા ધણીના લૂગડાં ધોઇશ, તારાં લૂગડાં ધોઇશ, રાંધીશ, દળીશ, વાસણ માંજીશ, તું કહેશે તે કરીશ, પણ મને આ નર્ક યાતનામાંથી છોડાવ !"

સરસ્વતી આ સાંભળી એકદમ રડી ઉઠી. બધી વાત જાણવા તે માના ખૂબ કાલાવાલા કરવા લાગી. છેવટે તેની મા બોલી, "અરે કંઇ

નહિ, એતો મારે ને તેને પહેલાં જરા બોલ-
ચાલ થઈ તેમાં તે એકદમ ચીડાઇ ગઇ, અને
પોતાના ધણીને કોણ જાણે શું કહ્યું તે તે
જાણે, પણ મારો કાળ તેનાપર કાઢી તેને બડફી
નાખી. અને મારાપર પણ તે ધસી આવ્યો ! નહિ,
નહિ, છોડાવ પ્રભુ મને આ દુઃખમાંથી !”

“શું મોટાભાઇ તારાપર પણ ધસી આવ્યા ?”
એવે અંદરથી એક ઝીણો અવાજ આવ્યો.
બાઇ અંદર આવે છે એમ જાણી તે બોલી,
“અરે કેમરે બાઇ, બયરીનું કહ્યું માની બિચારી
ડોશીની આવી દશા કરે છે ?”

સરસ્વતીના મોઢાંમાંથી આવા શબ્દ નીકળ્યા
ન નીકળ્યા એટલે નીચે દાદરમાંથી “હં હં
છાના રહો હવે, ડાહ્યાં છો તે જાણ્યાં. ધણીએ
છોડી દીધાં તે અમથાંજ શું ! જાણે ચાડી તા હુંજ
કરતી હોય ને ? તમારા પગ નીચે બળે છે તેતો
બુઝાવો !” આ શબ્દ બાણ પેઠે સૂં સૂં કરતા
આવ્યા.

"ધણીએ છોડી દીધાં તે આમથીજ શું ? આ શબ્દ સરસ્વતીના કર્ણમાં તપાવેલાં તેલ પ્રમાણે પડયા. તે એકદમ સ્તબ્ધ બનીગઇ. મારા પત્રનો ઉત્તર આ કારણથીજ ન મળ્યો હશે ! એવી વિષમય શંકા તેના મન સામે ખડી થવા સાથે તેનું આખું શરીર ધ્રુજી ઉઠયું. તેના અંગમાંથી ધામ છૂટયો. તેની આંખ આગળ તેનો તારો ચમકવા લાગ્યો. પતિએ તે રાત્રે પોતાની જેઠાણીને સંબોધી કહેલી ગુલાબના ફુલ-ની પાંખડીઓની કલ્પના અત્યારે તેને મૂર્તિમંત જણાઇ. તેના પતિનું તે રાત્રિનું ક્રુદ્ધ સ્વરૂપ તથા આજનું તેના બાપનું નારસિંહ સ્વરૂપ એ બન્ને ચિત્રો તેની આંખ સાથે સાક્ષાત્ ખડાં થયાં. મારૂં ત્યાં જવાનું ફરી થશે ખરૂં કે ? એ વિચાર તેને એક સરપો સંતાવવા લાગ્યો. તેની સામેનો દેખાવ તેનાથી જોવાઇ શકે નહિ અને પોતાના મનના ઉભળકા શમે નહિ.

છેવટે તેના બાપ બાબી વગેરેને " હું તો જાઉં છું, એક બીજાનું સંભાળજો. આથી કોઇના જીવને પણ લાભ થવાનો નથી." એમ કહી માને બાપને અને બાબીને પગે પડીને ચાલતી થઇ.

આખે રસ્તે તે આંસુ લુછતી હતી, આજે તે શૂન્ય મનથીજ ઘરમાંના સર્વ કામ આટોપતી હતી. વચ્ચે વચ્ચે મગજમાં તાર આવતાં બધુ કામ ઝપાટા બંધ કરી નાંખતી, તો વળી વચ્ચે એક જગ્યાએ સ્તંભ પ્રમાણે ઉભી થઇ કંઇ વિચાર કરતી રહેતી.

બપોરે રજા હોવાથી વિનાયકરાય ડોસી પાસે પોતાની મોટી બાબીના બીછાના આગળ બેઠો હતો. બંને જેઠાણી એક બાજુએ પોત-પોતાના કામમાં હતી. ડોસી પોતાની નાની વહુની પ્રકૃતિ સબંધી વિનાયક આગળ બોલતી હતી. "તે આજે આમ અચકાતી અચકાતી કેમ ચાલતી હશે વારુ. આજે મને એ ફીકીફચ

જણાય છે. સરસ્વતી, અરે સરસ્વતી. તારૂં માથુંબાથું દુઃખે છે કે શું? કેવી સાલસ છોકરી!"તને શું થાય છે વારૂ, જે હોય તે કહી દેને? એમાં લાજ શાની?"

"આજે એ આટલી બધી ગરીબ જેવી કેમ થઇ ગઇ છે. હું સવારની જોઉં છું એ જાણે ચિત્રામ જેવી દેખાય છે. એક લાખવાર મેં કહ્યું હશે કે અરે જો જે તું પડી જશે? પણ નહી. આટલો બધો ગરીબ સ્વભાવ શું કામનો?" સરલા બોલી.

"બ્હેન, તારા જેવી સારી વહુઓ મળવાથી અમારો સંસાર સારી રીતે નભે છે. નહિ તો ક્યારનાએ ભાંગ ફોડ થઇ સંસારનો સુખનો તાર તૂટી ગયો હોત! સરસ્વતીને જરા તરા કહેવું પડયું, પણ તને તો કંઇજ કહેવું પડ્યું નથી!" ડોસી બોલી.

"નહીં પણ તમે બહુજ બોલો છો! પરમ દહાડે તે આવી, ત્યારે તમે કેટલું બધું બોલ્યા હતાં!" સરલા બોલી.

" એટલે, શું કાંઇ રીતભાતનું ભાન બાન પણ ન કરાવવું કે ? એ બાગુલી છોકરી, અને તેમાં વળી સ્વતંત્ર પાગુ રહેલી, એટલુંજ નહી પણ તેવું પ્રત્યક્ષ સિદ્ધ થયું, એટલે કહેવુંજ જોઇએ તો ! " ડોસી બોલી.

" પણ બન્યું એવું કે તમારૂં દરેક વેણ ઠાકરજીએ સાંભળ્યું, અને તેમણે " હું કું " શરૂ કર્યું. પોતાનું ધાતીકિં પોતાને હાથે ધોયું, અને કેવો મજાનો ઉપદેશ કીધો? હેરાણીને અહીં મુકી ગયા ? જોઇએ છે કેટલાક દિવસ રીસાય છે તે" સરલા સરસ્વતી તરફ જોઇ હસતી બોલી.

" એટલે શું તે આ છોકરીને રીસાઇને મુકી ગયો છે? મને તો કહ્યુ હતું કે અત્યારે તમને અડચણ પડે માટે એને અહીં રહેવા દો. શું મારે લીધે એને આવી શિક્ષા ! હું પણ મુઇ કેવી પાપની કરતી ! " ડોસી બોલી.

આવી વાતચિત્ત સ્વભાવિક રીતે થતી

હતી. પરંતુ તેનું પરિણામ સરસ્વતીના દુઃખિત હૃદય પર સારૂં આવ્યું નહિ. તેના મનમાં હવે નક્કી થયું કે પતિ મને છોડીનેજ ગયા છે. નહીંતો ભાભી મ્હેણું શા સારૂ દે ! અને જેઠાણી પણ વળી એમજ કહે છે ? તેના હૃદયમાં ધુંધવાઇ રહેલો અગ્નિ ડોસીમાના ઉપરના ઉદ્દગારથી એકદમ ભભકી ઉઠયો. તે એકદમ હાથી હાથીને રડવા કકલવા લાગી.

"અરે આ શુ બ્હેન ! અમે તો ઠઠ્ઠામાં બોલીએ છીએ ! તું આમ શું કરવા કરે છે ?" સરલા બોલી.

ડોસી સરસ્વતીને સમજાવવા લાગી. એટલામાં સસરાજી ઓચીંતા ઘરમાં આવ્યા. તેમણે શું થયું એમ સ્વાભાવિક રીતે પૂછ્યું. ડોસીએ "વસંતીવાળે જેની આ કેવો હાગો કર્યો ?"

"આપણે શું કરીએ. જેનું માણસ

તેને વટાવી દેવું જોઈએ. આ ઉમરે જ્યારે એક-બીજાનું મન સંભાળતા આવડતું નથી, તો પછી સંસાર કેમ ચાલશે" એમ કહેતા તે માળપર ગયા.

"તે એ કંઈ નહિ, વિનાયક તું પત્ર લખ, વસંતને લખ કે તાબડતોબ પત્ર દર્શન આપ. જા, જલદી જા"

× × ×

નાતાલનો દિવસ. બાળાના પત્રથી વસંત ઘેર આવ્યો. આ વખતે સરલાએ એક મહાન્ સંપ કર્યો હતો. આ સંપમાં સાસુજી, પોતાનો પતિ તથા છોકરાં સુદ્ધાં સર્વને તેણે સામેલ કર્યાં હતાં. સરસ્વતી માને નહિ. તે રીસાઈ, પણ સરલાએ સાસુજીની પાસે જબરાઈથી તેને સ્વસ્થ રાખી. ગોઠવણ એવી હતી કે વસંતરાય આવે, તેની સાથે કોઈએ પણ બોલવું નહિ, કે તેની સાથે કોઈએ કશો વ્યવહાર કરવો નહિ.

વસંતરાય આવતાં આ રંગિત કવાયત બરાબર અમલમાં મૂકાઇ. વસંતરાયથી કેમે કરી પણ આ કોયડો છૂટેજ નહિ. તે દૂધ માગવાને મુદ્દામ નીચે આવે, તોપણ તેની કોઇ પુછપરછ કરેજ નહિ. તેણે ઉપર નીચે ફેરા મારવા માંડયા કે સરસ્વતી તદ્દન ગભરાઇ ઉઠી. તેનું ચિત્ત મુંઝાવા લાગ્યું. વસંતરાયે તેને ન પૂછતાં ભાભીને બુમ મારી. ભાભી કાંઇ ઓછી ચરકેલ ન હતી ? તે બોલી, "કહોને તમારે કહેવું હોય તેને, મારૂં શું કામ છે !" બિચારો વસંતરાય પાછો માળપર ગયો. અહીં સરસ્વતીએ બીલાડી પેઠે મોઢું ચડાવ્યું.

ભાભીએ આ વખતે ચાહ તૈયાર કરી તથા સરસ્વતીને લઇ જવા કહ્યું

'બ્હેન આ શું, ચાહ તો તે નહિ લેશે' સરસ્વતી બોલી

"તું ન જાય તો લે મારે હું જઇશ" એમ બોલી તે એકદમ ઉપર ગઇ તથા વસંતરાયને "લો આ ચાહ" એમ કહ્યું.

"હું તો ચાહ પીતાજ નથી ! ચાહ કરવાનું કોણે કહ્યું તને ?" વસંતરાય બોલ્યો.

"તે પૂછો આપનું હોય તેને ? મને શું માલુમ" સરલા બોલી. વસંતરાય ધુનમાં ને ધુનમાં ઠેઠ રસોડામાં પહોંચ્યો, અને ચૂલા આગળ બેઠેલી પોતાની માને કહ્યું, "મા, આ ચાહ કરવાનું કોણે કહ્યું છે !"

ભાભી જે પાછળજ ઉભી હતી, તે હસતાં હસતાં ખુણામાં ઉભેલી પોતાની દેરાણી તરફ જોઇને બોલી "આપનું હોય તેણે !"

વસંતરાય ડોસીના ઉત્તરની રાહ ન જોતાં ગુસ્સામાંજ પાછો ફર્યો, તે જોઇ સરસ્વતીએ પોતાની જેઠાણીને ડરામણે સ્વરે કહ્યું "આનું શું કરો છો બ્હેન !" સરલાએ નાક પર આંગળી ધરી ચૂપ રહેવાની ઇસારત કરી.

આજે વસંતરાયને દૂધ મળ્યું નહિ. તેમ તેની સાથે કોઇ બોલતુ સુદ્ધાં પણ નથી. વિનાયક તો ભેગોજ થતો ન હતો. જ્યાતી

વખતે તો કોઇ આવશે, શરીર લુછવાનો કકડો તો કોઇ આપશે. પહેરવાનું ધોતીઉં તો કોઇ આણી આપશે, એમ વસંતરાયનું દદ માનવું હતું. પણ કોઇએ કશી પણ દાદ દીધી નહિ. સરસ્વતી એક બે વાર એ કામો કરવા જતી હતી. પણ સરસા દરેક વખતે તેનો પાલવ પકડી કામ કરતાં અટકાવતી અને માણસના છગ કોણ જાણી શકે ? એમ વારંવાર કહેતી.

જમતી વખતે વિનાયકરાવે જ્યારે મીઠું પીરસવા લીધું, ત્યારે વસંતરાયનું ભાણું કોરે રહેવા દીધું. બપોરે વસંતરાયે બેચાર વખત માળપરથી નીચે અને નીચેથી માળપર ફેરા માર્યા કર્યા. ચરકેલ ભાભીના લક્ષ્યમાં તે જાણવામાં આવતાં 'જા બ્હેન ઉપર જા, અમારી પાસે બેસ મા " એવો તેણે સરસ્વતીને તડાકો કર્યો. આ પ્રકાર જોઇને સરસ્વતીના નેત્રમાંથી ગંગા જમુના ખળખળ વહેવા લાગી, અને

" મને આજ તમે આવી રીતે શા સારૂ બનાવો છો " એમ તે બોલી.

વસંતરાય દાદર આગળ આ સૌ સાંભળતો હતો. તેને કશો ઉપાય સૂઝે નહી. ડોસી પણ ક્યાં કથા પુરાણ સાંભળવા ગઇ હતી, જે તરત પાછી આવે એમ ન હતું. વારૂ જો પત્નીને ઉપર બોલાવે તો ભાભી તેને કેડા મુકે એમ બનવું અશક્ય હતું. સરલા પર તો તેને આજ એટલો બધો ગુસ્સો ચૂડેલ હતો, કે તેને નજરે જોવા પણ ચહાતો ન હતો.

રાત્રિનું જમણ આટોપાયું. વસંતરાય પત્નીની માર્ગ પ્રતીક્ષા કરતો નાનાવિધ આશા કરતો માળ પરજ બેઠેલો હતો. તેને ખાતરી હતી કે ખાસ નોંધીને કહ્યા વિના પત્ની આજ ઉપર આવવાની નથી, પણ ઠીક દૂધ આપવાને તો આવશે એવું તેનું દૃઢ માનતું હતું. કેટલીએ વાર તે દાદર આગળ ડોકાઈ આવ્યો હતો.

આખરે સરસ્વતી દૂધ લઇ ઉપર આવી. તે આવતાંજ વસંતરાય કંઇ નિમિત્ત કાઢી બારણાં બહાર જઇ ઉભો રહ્યો. બિચારી સરસ્વતી અંદર જઇ પથારી કરવા લાગી.

વસંતરાયથી હવે રહેવાયું નહી એ પ્રથમ બોલી લે તો સારૂ. હું બોલવાની પહેલ કરૂં તો માન ખંડનની મોટી પંચાત. પથારી થઈ રહી. હવે તે નીચે ચાલી જશે એમ જોઈ વસંતરાય બારણું વાંકી બોલ્યો, "ઘરમાં કંઇ લડવાનો બડવાનોધંધો માંડયોછે કે શું?" એનો કશો પણ ઉત્તર મળ્યો નહિ. તેણે એ પ્રશ્ન વધારે જોરથી પુછયો. સરસ્વતીની આંખોમાંથી ગળનારા અશ્રુબિન્દુ એજ વસંતરાયના પ્રશ્નનો ઉત્તર હતો. તે ખીજવાઇ કંઇ પુછવા જાય છે, એટલે ભાભી 'સરસ્વતી! ઓ સરસ્વતી, નીચે આવે કે? કેટલીકવાર ઉપર બેસી રહેવાની ? નીચે આ એઠવાડ કોણ કરશે ?" એમ ગરજતી પગ

બળતી જાણે ઉપર કોઈ બીજું છે તેની એને જાણજ ન હોય એમ ઉપર ચઢી આવી. વસંતરાયનો ક્રોધ હાથમાં રહ્યો નહી; તે એકદમ અકળાઇ બોલ્યો. " જા, એનો નથી આવતી, તને એટવાડ કરતાં શું થાય છે ? "

"એમ, તમે અહીંઆ છો તે હું શું જાણું બેસ બ્હેન ઉપરજ બેસ. ઘણા પોતાની દાસીને એઠવાડ કાઢવાનો હુકમ કરે છે. ઠરીશ વારૂં. આ સો કહું છું હું નીચે જઇને સાસુજીને." સરલા બોલી.

વસંતરાય ખીસીયાણો પડી ગયો. સરસ્વતી તો બ્હીકની મારી થરથર કાંપવા લાગી. વસંતરાયે 'મેં ક્યારે તને દાસી કહી ! આમ અમથી ખીજવાય છે આ સારૂ !" એમ કરૂણ સ્વરે સરલાને કહ્યું.

" શું તમે નહિ બોલ્યા ? તમારી એ વહુ આય એટલે એઠવાડ કરવાનું કામ મને સોંપો

છો કેમ ? ઠીક છે હું સસરાજીને કહું, કે અમારો પગાર થોડો એટલે અમારે ઘરના એઠવાડ કાઢવાના કેમ ? " સરલા આંખે પાલવ ધરતી બોલી.

"ભાભી એમ શું કરે છે વારૂ ? ઇશ્વરના સોગન ખાઇ કહું છું. હું એવા ભાવથી નથી બોલ્યો. " વસંતરાય બોલ્યો.

" યાદ છે તમને ! ગઇ ખેપે તમે ગુલાબના ફુલની પાંખડીનું ઉદાહરણ આપ્યું હતું તે" વચ્ચે સરસ્વતી બોલી.

"નહીં ભાભી. હવે પાલવ છોડ" વસંતરાય બોલ્યો. સરલા એકદમ આંખપરથી પાલવ દૂર કરી હસતી હસતી બોલી. "વારૂ હવે ધોતીયું હાથે ધોઇ લેશો કે ? "

" પણ તેનો આ સાથે શો સંબંધ " વસંતરાય બોલ્યો,

"સરસ્વતીને આવી શિક્ષા કરી મુંબાઇ એકલા ચાલ્યા જશો કે ! " સરલા બોલી.

" અરે પણ " વસંતરાય બોલ્યો.

" ના કબૂલ કરો તમે. નહિં તો હું સાસુજી અને સસરાજીને તમે એઠવાડ કરવાનું કહ્યું તે કહી આવું " એમ બોલતી સરલા ત્યાંથી નીચે જવા નીકળી.

તેને અટકાવી વસંતરાય બોલ્યો. " એ ભાભી, પણ જરા કહે તો ખરી કે આ બધું છે શું ? આ શો ઘોંટાળો કરી મને આજે ગાંડો બનાવ્યો છે "

સરલા પોતાનું હસવું ખાળી શકી નહિ. તે હસતાં હસતાં બોલી " આવી નજીવી બાબત સારૂ એને આટલી બધી કપરી શિક્ષા ! "

"પણ શું કરૂં ભાભી ? એ ભણેલી છોકરી. એનાથી સાત આઠ માણસો ભેગાં બે ચાર દિવસ પણ રહી શકાયું નહિ, તો પછી એના ભણવાનો શો ઉપયોગ વારૂ ! એનું કારણ જ્યારે એ પરણી ત્યારે ઘણી મોટી હતી. અરે નાની નાની ઘુંટણુસરખી છોકરી સુદ્ધાં સાસરાંના દશ બાર

માણસોના રગડામાં સપડાય, તો પણ તે સમાઇ શકે છે. અને સાસરાંમાં સાત આઠ માણસોના સહેવાસમાં રહેવાનો પ્રસંગ લગ્ન થયા પછી હમણાજ છ સાત મહિને થયો છે. એટલે અહીં પાંચ સાત મહીના રહેવા દઉં તો હથોડીના ઘા પડતાં મન માન્યો આકાર તૈયાર થાય. મોટા કુટુંબમાં દિવસ ગુજારવા એ પણ એક પરીક્ષા છે. પણ ખરૂં કહે! તને બાઇના સોગન છે. એણે કંઇ લડાઈ ટંટો મચાવ્યો હતો ખરો કે રીતસરજ રહી હતી?

તે તેને પૂછો ! હું શું કહું બા ! હું તો તદન કંટાળી ગઇ છુ." સરલા બોલી.

"એમ શું બહેન એમને છેતરો છો વારૂ" વચ્ચે સરસ્વતી બોલી.

"નહિ, ત્યારે તુંજ કહેને, સવારે હું નળપર હતો ત્યારે એવાજ શબ્દ મેં બેવાર સાંભળ્યાં હતા." વસંતરાય બોલ્યો.

" પૂછોને એને." સરસ્વતી બોલી.

"એટલે એને કહું છું તો કે' તેને પૂછો,

ને તેને પૂછ્યું છું તો કે' પૂછોને એને. આ છે શું સાળુ !" વસંતરાય બોલ્યો.

'એ સ્ત્રીઓનું બંડ' વચ્ચેજ બારણામાં જોરથી ધસી આવતો વિનાયક બોલ્યો.

"વિનાયક કે' ને આ બધી શી ભાંગજડ છે વારૂ ! પણ તું હસે છે તેથી તું પણ એમાં સામેલ હોવો જોઇએ. અરે શું મારી વિરૂદ્ધ આખું ઘરજ છે કે શું.'

"અરે ગ્રહદશાને છગે એટલે ઘરની ભીંત સુદ્ધાં વિરૂદ્ધ થાય" વિનાયકની પાછળ પાછળજ ડોસી અંદર આવી બોલી.

" અરે બાપરે, મારા પર આ શો ગજબ ?

" પણ હરામખોર તે દહાડો છોકરીને મેં એવું તે કહ્યું શું ? ને તું તેને આટલી બધી શિક્ષા કરવા શું નીકળ્યો ? મોટાં શીંગડાં ફુટ્યાં છે તને કેમ ! છોકરીઓ આ એકવાર નીકળે છે કે નહિ ? ડોસી બોલી.

" પણ હું એને કેવી રીતે હામ પાડું ? " વસંતરાય બોલ્યો.

"હં" "હં" જોતી હતી ને હું, કે સવારની કેવી ધાંધલ મચાવી છે? નીચેથી ઉપર, ઉપરથી નીચે, એક સરખી આવજા થતી હતી તે. ચાલ બ્હેન નીચે. પણ એક માણુસનું મન કેવી રીતે મેળવી લેવું? સરલા બોલી.

"આ ચસ્કેલ આ સઘળા નાટકની સૂત્રધાર છે. એકંદરે આ બધામાંથી એક માણુસ ગરીબ ગાય જેવું બન્યું છે.કેમ વસંતરાય, એક માણુસનું મન કેમ મેળવી લેવું?" વિનાયક બોલ્યો.

"પણ એક કહેવા સરખી વાત છે. મા, તારી નાની વહુએ તારૂં મન કેમ મેળવી લીધું?" વસંતરાય બોલ્યો.

થયું. એ કહે કેમ મન મેળવી લેવું, તથા તે કહે કેમ મન મેળવી લેવું. આખી રાત સરસ્વતી તથા વસંતરાય વચ્ચે એજ ચકમક ચાલી રહી હતી. સરસ્વતીના સુખમાં હવે માત્ર એકજ થઈ રહ્યું હતું, અને તે તેના પિયરનું ઉદાસ ચિત્ર.

Printed by
olchand Kisandas Kapadia at his
Jain Vijaya Printing Press near
Laxminarayan's Wadi,
Khapatia Chakla—SURAT.

Published by
Chhotubhai Dajibhai Desai
Ambaji road—SURAT.

સ્વાર્થ આઠ પ

સતુ અને સ્વીપ્નીક ... પરિ

સત્સંગ.

પહિર સ્વતાન્ત્ર ... રૂ. ૧-

આ અવિઢની ... આવૃત્તિ ...

સ્વમાં "...ાર" ... ...

... ... લિખી ...

તથા ... ... છે.

... ...

... ...

... ... લખેલી છે. ...

... ... લિખિ છે.

... -ધર્મ ઓફિસ, ... -સુરત.